# મધ્યકાલીન આખ્યાન શિરોમણી : પ્રેમાનંદ

વર્ષાબેન કેશરસિંહ પરમાર
શ્રી ખીંમત પ્રાથમિક શાળા, ખીંમત
મુ.પો.મોટા, તા.પાલનપુર (બ.કાં)

હેમચંદ્રચાર્યના સમયથી શરૂ કરીને 'બંસી બોલના કવિ' દયારામ સુધીના સમયગાળામાં સાહિત્યને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમ્યાન ધર્મનો સાહિત્ય પર પ્રભાવ પડ્યો હતો. આથી મધ્યકાળનું સાહિત્ય ધર્મ રંગ્યું સાહિત્ય છે.

આ સમયગાળામાં અનેક નાના–મોટા સાહિત્ય કારોનું સર્જન પ્રાપ્ત થાય છે. પ્રાગ નરસિંહ યુગ, નરસિંહ યુગ અને પ્રેમાનંદ યુગ એવા પેટા–યુગવિભાગો પણ આ સાહિત્યના અભ્યાસમાં ઘણી વખત ધ્યાનમાં લેવાય છે. સમયમાં નરસિંહ મહેતા, હેમચંદ્રાચાર્ય, ભાલણ, અખો, પ્રેમાનંદ, શામળ, દયારામ... વગેરે જેવા સાહિત્યકારોનું સર્જન પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રેમાનંદને એક સર્વોત્તમ આખ્યાન કવિ તરીકે ઓળખવામાં આવે છે.

પ્રેમાનંદના રસિક આખ્યાનોએ ગુજરાતનાં લોકોનું મનોરંજન અને સંસ્કાર સિંચન કર્યું છે. એની પ્રતિભા આખ્યાન–સાહિત્ય સ્વરૂપમાં સવિશેષપણે ખોલી હતી. એણે વિપુલ પ્રમાણમાં જે સાહિત્ય સર્જન કર્યું. તેમાં આખ્યાનોની ગુણવત્તા ઉત્તમ પ્રકારની છે. પ્રેમાનંદના પુરોગામી આખ્યાનકારો જેવા કે, ભાલણ, નાંકર, આદિએ આ સાહિત્ય પ્રકારને પ્રચલિત કર્યો હતો, પરંતુ આ સાહિત્ય પ્રકારને લોકપ્રિય બનાવવાનું કાર્ય પ્રેમાનંદની કવિપ્રતિભાને કારણે શક્ય બન્યું હતું.

**પ્રેમાનંદનું જીવન**

જ્ઞાની કવિ અખાએ સંસારમાંથી વિદાય લીધી તે પહેલાં ગુજરાતના કવિશ્રેષ્ઠ થવા નિર્માયેલ પ્રેમાનંદનો જન્મ થઇ ચૂક્યો હતો. ઇ.સ. ૧૬૩૬ થી ૧૭૩૪ સુધીના લગભગ એક સૈકા જેટલા સમયપટ પર તેનું જીવન વિસ્તરેલું હતું એમ માનવામાં આવે છે. અલબત્ત, તેનાં જન્મમરણનાં વર્ષો સુનિશ્ચિત તો નથી જ. કેટલાક તેને તેરેક વર્ષ મોડો જન્મેલો માને છે તો કેટલાક તેને દશેક વર્ષ વહેલો મૃત્યુ પામેલો ગણે છે. તેમ છતાં એનું આયુષ્ય ઠીક ઠીક લાંબું હશે એટલું તો પાંચ–છ દાયકા ચાલેલી તેની વિપુલ સર્જનપ્રવૃત્તિ જોતાં સ્પષ્ટ સમજાય તેમ છે.

છે વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ;
ચતુર્વંશી ન્યાત બ્રાહ્મણ, કવિ પ્રેમાનંદ નામ.
ઉદર નિમિત્ત પરદેશ કીધો, સેવ્યું નંદરબાર;

એમ પોતાનાં નામઠામનો ઉલ્લેખ પ્રેમાનંદે તેનાં કાવ્યોમાં અનેક વાર કરેલો છે. તેના પિતાનું નામ કૃષ્ણદાસ ભટ્ટ હતું. નાની વયમાં માબાપ ગુજરી જવાથી તે માશીને ત્યાં ઊછર્યો હતો. બાળપણમાં પ્રેમાનંદ સાવ મૂઢ હતો એમ કહેવાય છે. પંદર વર્ષનો હતો ત્યારે તેને ગુરુ રામચરણ મળ્યા. સંસ્કૃત અને હિંદીનો તેમની પાસે અભ્યાસ કરીને તેણે તેમની સાથે આખા દેશનો પ્રવાસ કર્યો હતો. આ ગુરુની કૃપાથી પોતે કાવ્યરચના કરી શક્યો હોવાનું તેણે કૃતજ્ઞભાવે સ્વીકારેલું છે.

પ્રેમાનંદના જમાનામાં ગુજરાતી ભાષાની કિંમત 'શું શાં પૈસા ચાર' જેટલી હતી. તેથી પોતે ગુજરાતી ભાષાનો બીજી ભાષાઓના કરતાં વિશેષ ઉત્કર્ષ સાધે નહિ ત્યાં લગી પાઘડી નહિ પહેરવાની પ્રેમાનંદે પ્રતિજ્ઞા લીધી હતી; તેને બાવન શિષ્યોનું જૂથ હતું, તેની અને શામળ વચ્ચે સ્પર્ધા ચાલતી હતી – વગેરે દંતકથાઅદ પ્રેમાનંદના કહેવાતા દીકરા વલ્લભે રચેલી કહેવાતી પ્રેમાનંદ વિષયક વિવિધ કૃતિઓને આધારે પ્રચલિત થયેલી છે. છેલ્લા સંશોધન મુજબ પ્રમાનંદસુત વલ્લભ જેવી કોઇ વ્યક્તિ થયેલી નથી અને વલ્લભનાં આખ્યાનો તથા પ્રેમાનંદના નામે ચડેલાં નાટકો સાહિત્યિક ક્ષેત્રમાં તોફાન કરનારા અર્વાચીન યુગના કેટલાક લેખકોની બનાવટ છે એમ પુરવાર થઇ ચૂક્યું છે. એટલે એ સર્વ કિંવદન્તીઓ ખોટી ઠરે છે.

'ભટ્ટ પ્રેમાનંદ કહે કથા'

પ્રેમાનંદ પ્રભુનો પ્રેર્યો કવિતા લખતો. 'જન પ્રેમાનંદ કાંઇ ન જાણે' એમ તેણે વારંવાર કહ્યું છે. 'કાવ્ય કથે મન રીઝે રે' એમ કહીને તેણે પોતાના સર્જનનો કલાહેતુ સ્પષ્ટ કર્યો છે. આમ છતાં તેને કવિપણાનું અભિમાન નહોતું એટલે એણે પોતાને કવિ તરીકે કદી ઓળખાવ્યો નથી. 'ભટ્ટ પ્રેમાનંદ કહે કથા' એમ જ હમેશાં કહ્યું છે.

પ્રેમાનંદનો બાપીકો ધંધો કથાકારનો હતો. આપણે આગળ જોયું કે ભાલણના વખતથી સંસ્કૃત કથાની સાથે ગુજરાતીમાં કથા કહેવાની પ્રથા શરૂ થઇ હતી. આ કથા કરનારા બ્રાહ્મણો પિત્તળની માણ એટલે ગાગર રાખતા એટલે તે માણભટ્ટ કે ગાગરિયા ભટ્ટ તરીકે ઓળખાતા. ગાગર પર ટચલી આંગળીએ પહેરેલી તાંબાની વીંટી વડે તાલ દઇને તેઓ પોતે કે બીજાએ ગુજરાતીમાં રચેલાં આખ્યાનો લોકો સમક્ષ ગાઇ સંભળાવતા. કથાની વચ્ચે વચ્ચે રોચક અને ઘરગથ્થુ દ્રષ્ટાંતો આપીને રસની જમાવટ આ ગાગરિયા ભટ્ટો બહુ સુંદર રીતે કરી શકતા. આથી સંસ્કૃત શ્લોકો વાંચીને ગુજરાતીમાં તેનો અર્થ સમજાવનાર પુરાણીઓના કરતાં રામાયણ–મહાભારત જેવા ગ્રંથોમાંથી લીધેલા વસ્તુ પરથી ગુજરાતીમાં સ્વતંત્ર આખ્યાનો રચીને ગાનારા માણભટ્ટોનો ધંધો ધીકતો ચાલતો. આને પરિણામે માણભટ્ટો અને પુરાણીઓ વચ્ચે અંટસ પડી ગયો હતો. પ્રેમાનંદ પણ આવા કોઇક ઝઘડાનો સાક્ષી બન્યો હતો એમ કહેવાય છે.

પચ્ચીસ–સત્તાવીસ વર્ષની ઉંમરે પ્રેમાનંદે આખ્યાનકાર તરીકેની કારકિર્દી શરૂ કરી. એક દશકામાં 'ઓખાહરણ', 'અભિમન્યુઆખ્યાન', 'ચંદ્રહાસાખ્યાન', 'મદાલસાખ્યાન' વગેરે રસભર્યા આખ્યાનો જુદી જુદી રાગરાગણીઓમાં લોકો સમક્ષ ગાઇને પ્રથમ પંક્તિના આખ્યાનકાર તરીકે તેણે વડોદરામાં પ્રતિષ્ઠા જમાવી દીધી.

એટલામાં ઈ.સ. ૧૬૭૩નો, 'માતા પુત્રને ખાય' એવો ભયંકર દુકાળ આવ્યો. આથી પ્રેમાનંદે વડોદરા છોડીને નંદરબાર જવું પડ્યું. ત્યાં તેનો બધી રીતે ઉત્કર્ષ થયો. એ નંદબારનો રાજગુરુ થયો હતો. એમ કહેવાય છે. એના યજમાનો ઘણા શ્રીમંત હતા. એને આઠ ઘર હતાં અને પુષ્કળ દોલત હતી. 'ધૃતની સરિતા ચલાવી, પ્રભુએ સાકર બાંધી પાજ રે', એવી એક પંક્તિ તેના બનાવટી પુત્ર વલ્લભની છે તે વિશ્વસનીય નથી. પરંતુ આખ્યાનકારના ધંધામાંથી એ સારું કમાયો હશે એ નિર્વિવાદ છે.

**પ્રેમાનંદનું સાહિત્ય સર્જન**

પ્રેમાનંદે કવિત્વથી સભર શ્રેષ્ઠ આખ્યાનો આપ્યાં હતા. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આખ્યાન એક લોકપ્રિય સાહિત્યસ્વરૂપ હતું. પ્રેમાનંદ આ લોકપ્રિય સાહિત્યસ્વરૂપનો શ્રેષ્ઠ આખ્યાનકાર ગણાય છે. એના સમયગાળાને 'આખ્યાનોના સુવર્ણકાળ' તરીકે ઓળખવામાં આવે છે.

પુરોગામી કવિઓમાંથી પ્રેરણા લઈને અને એમની રચનાઓમાંથી સારું વસ્તુ લઈને પ્રેમાનંદ આખ્યાનોનું પોતાની રીતે આલેખન કરતો. તેનાં આ આખ્યાનો ખૂબ જ લોકપ્રિય બન્યાં હતાં. આનંતરાય રાવળ કહે છે કે,

**''પ્રેમાનંદ એકલો આખ્યાનકાર નથી. તે સામાન્ય કોટિનો ઉપકવિ નહીં, પરંતુ મહાકવિની પ્રતિભાવાળો કવિ છે.''**

પ્રેમાનંદના નામે ઘણી કૃતિઓ મધ્યકાળમાં પ્રાપ્ત થાય છે. પરંતુ આ બધી કૃતિઓ પ્રેમાનંદની જ હશે, એમ કહી શકાય તેવું નથી. કેટલીક રચનાઓ પ્રેમાનંદની ગણાય છે, પરંતુ તે હજુ સુધી છપાઈ નથી. અથવા તો હસ્તપ્રત સ્વરૂપે અસ્તિત્વમાં નથી. કેટલીક કૃતિઓમાં કર્તાનું નામ પ્રેમાનંદ મળે છે, પણ આવી કૃતિઓ કોઈએ લખીને તેમાં પ્રેમાનંદનું નામ મૂક્યું હોય એવું લાગે છે. જોકે, કેટલીક કૃતિઓ નિર્વિવાદપણે પ્રેમાનંદની જ હોવાનું સ્વીકારાય છે.

પ્રેમાનંદની જાણીતી કૃતિઓ નીચે પ્રમાણે ગણાવી શકાય :

- 'ઓખાહરણ' (ઈ.સ. 1667-67)
- 'અભિમન્યુ આખ્યાન' (ઈ.સ.1671)
- 'ચંદ્રહાસ આખ્યાન' (1671)
- 'મદાલસા આખ્યાન' (1672)
- 'હૂંડી' (1677)
- 'શ્રાદ્ધ' (1681)
- 'સુદામા ચરિત' (1682)
- 'મામેરું' (1683)
- 'સુધન્વા આખ્યાન' (1687)
- 'રુક્મિણીહરણ શ્લોકો' (1684)
- 'નળાખ્યાન' (1686)
- 'રણયજ્ઞ' (1690)
- 'શામળશાનો વિવાહ'
- રુક્મિણી હરણ'

- 'સ્વર્ગની નિસરણી'
- 'વિવેક વણઝારો'
- 'કૂવડનો ફજેતો'
- 'નચિકેતા આખ્યાન'
- 'દાણલીલા'
- 'ભ્રમણગીતા'
- 'બાળલીલા–વ્રજવેલ'
- 'પાંડવોની ભાંજગડ'
- 'વિષ્ણસહસ્ત્રનામ'
- 'વામનકથા'
- 'રાધિકાના દ્વાદશ માસ'
- 'દશમસ્કંધ'
- 'ભ્રમર પચીસી'.

કેટલીક કૃતિઓ પ્રેમાનંદની નથી, એવું વિદ્વાનો માને છે.
આવી રચનાઓમાં 'દ્રૌપદીકરણ', 'માંધાતાખ્યાન', 'સત્યભામારોષિકા દર્શીકાખ્યાન', 'પાંચાલીપ્રસન્નાખ્યાન', 'તપત્યાખ્યાન', 'બભ્રુવાહન આખ્યાન', 'પ્રહલાદાખ્યાન' વગેરેનો ઉલ્લેખ કરાય છે.

પ્રેમાનંદે રામાયણ, મહાભારત અને પુરાણોમાંથી આધાર લઈને રચનાઓ કરી છે. 'રણયજ્ઞ'માં રામ અને રાવણ વચ્ચેના યુદ્ધની કથા છે. 'પાંડવોની ભાંજગડ', 'નળાખ્યાન', 'સુધન્વા આખ્યાન', 'અભિમન્યુ આખ્યાન', 'ચન્દ્રહાસ–આખ્યાન' જેવી કૃતિઓ મહાભારત ઉપર આધારિત છે.

ભાગવત પર આધારિત કૃતિઓમાં 'ભ્રમરગીતા', 'ભ્રમરપચીસી', 'ઓખાહરણ', 'રુક્મિણીહરણ', 'સુદામાચરિત', 'બાળલીલા' અને 'દાણલીલા' જેવી કૃતિઓનો સમાવેશ કરી શકાય.

પ્રેમાનંદે આદિ કવિ નરસિંહ મહેતાના જીવનના પ્રસંગો પર આધારિત રચનાઓ પણ આપી છે. આવી રચનાઓમાં 'શ્રાદ્ધ', 'હૂંડી', 'મામેરું' અને 'શામળશાનો વિવાહ' નો સમાવેશ કરી શકાય.
પ્રેમાનંદના સાહિત્યની લોકપ્રિયતા દર્શાવતાં નવલરામે નોંધ્યું છે કે,
**"ગુજરાતીનાં શહેરો અને ગામડાંઓનાં અનેકાએક કુટુંબોમાં મિનાર્ક (ચૈત્ર, વૈશાખ) 'ઓખાહરણ' વિના, શ્રાવણ 'શ્રાદ્ધ' વિના, સીમંતના પ્રસંગો 'કુંવરબાઈ મામેરું' વિના, ચાતુર્માસ 'દશમસ્કંધ' વિના અને રવિવાર 'હૂંડી' વિના ભાગ્યે વીતતા હશે."**

પ્રેમાનંદની બધી રચનાઓ મૂળ કૃતિ પરથી સીધી જ રચાયેલી નથી. નરસિંહ મહેતા, ભાલણ, નાકર, વિષ્ણુદાસ અને વિશ્વનાથ જાની જેવા પુરોગામીઓની કૃતિઓનો પ્રેમાનંદે પોતાની રચનાઓ માટે ઉપયોગ કર્યો છે. 'કુવડનો ફજેતો', 'સ્વર્ગની નિસરણી' અને 'વિવેક વણઝારો' જેવી કૃતિઓમાં

પુરોગામીઓની કૃતિઓની અસર નહીંવત્ છે અને આ કૃતિઓ મૌલિક જેવી જણાય છે. મધ્યકાળના લોકસાહિત્યને પણ પ્રેમાનંદે પોતાની રચનાઓમાં જરૂર પૂરતું ઉપયોગમાં લીધું છે.

તેમ છતાં, તેનાં નીચેના આખ્યાનોને કારણે તેને મધ્યકાળનો શ્રેષ્ઠ આખ્યાનકવિ ગણવામાં આવે છે :

- 'નળાખ્યાન'
- 'સુદામાચરિત'
- 'કુંવરબાઈનું મામેરું'
- 'ઓખાહરણ'
- 'ચંદ્રહાસ આખ્યાન'
- 'રણયજ્ઞ'

'નળાખ્યાન'માં પ્રેમાનંદની સર્જનશક્તિ ખીલે છે. તે 65 કડવામાં વિસ્તરેલું છે. મહાભારતમાં આવતા 'આરણ્યકપર્વ'માંની કથાનો આધાર લઈને પ્રેમાનંદે આ રચના કરી છે. વનવાસમાં રહેલા યુધિષ્ઠિરને ત્યાં બૃહદશ્વમુનિ આવે છે. આ મુનિ યુધિષ્ઠિરને નળરાજાની કથા સંભળાવે છે. નળરાજાને જે દુ:ખો પડ્યાં હતાં, તેના સોમા ભાગ જેટલાં દુ:ખો પણ યુધિષ્ઠિરને પડ્યાં નથી, એવું બૃહદશ્વ કહે છે,

**નળ દુ:ખ પામ્યો, અરે પાંડવ**
**નથી તેહનો સોમો ભાગ.**

પરિણામે યુધિષ્ઠિરને લાગે છે કે નળ–દમયંતીની કથા સાંભળવાથી મારા મનની વ્યથા દૂર થશે :

**દુખિયાનાં દુ:ખ સાંભળતાં,**
**ભાગે મારા મનની વ્યથાય.**

નળરાજાને પડેલાં દુ:ખો, નળ અને દમયંતીનાં લગ્ન, એમને બે સંતાનો જેવા પ્રસંગોનું આ આખ્યાનમાં વર્ણન થયું છે. પુષ્કરના કહેવાથી અને કળિના પ્રભાવને લીધે નળ પુષ્કર સાથે જુગાર રમવા બેસે છે અને પછી નળના જીવનમાં દુ:ખો શરૂ થાય છે. શરૂઆતનાં 28 કડવાંઓમાં કવિએ નળ અને દમયંતીના દાંપત્યજીવનના સુખને વર્ણવ્યું છે. 29માં કડવાથી નળરાજાનાં દુ:ખોનો આરંભ થાય છે. આથી, શરૂઆતનાં કડવાંઓમાં શૃંગારરસનું નિરૂપણ મળે છે, પરંતુ પાછળનાં કડવાંઓમાં કરૂણરસ નિષ્પન્ન થાય છે.

આ આખ્યાનમાં પ્રેમાનંદનું ભાષાપ્રભુત્વ અને તેણે કરેલું પાત્રોનું ગુજરાતીકરણ ધ્યાન ખેંચે છે. એણે ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અતિશયોક્તિ, પ્રાસાનુપ્રાસ જેવા અલંકારોનો ઉપયોગ કરીને ઉત્તમ પ્રકારનાં વર્ણનો આ રચનામાં આપ્યાં છે.

**'ચંદ્રહાસ આખ્યાન'** પણ પ્રેમાનંદની એક અગત્યની કૃતિ છે. આ રચના 28 કડવાંઓમાં વિભક્ત છે. આ નાના આખ્યાનમાં અનેક ઢાળ એણે પ્રયોજ્યા છે. મુખબંધ અને વલણમાં પણ તેનું નિરૂપણ ધ્યાન ખેંચે તેવું છે. આ મુખ્યત્વે **ભક્તિરસનું આખ્યાન છે,** છતાં એમાં શૃંગારરસ, અદભુતરસ, કરુણરસ અને હાસ્યરસનું નિરૂપણ પણ થયું છે. આથી આ આખ્યાન એક રસગુટિકા જેવું બની રહે છે. આ આખ્યાનમાં આવતાં વર્ણનો પ્રેમાનંદની આખ્યાનકાળનો પરિચય કરાવે તેવાં છે :

**જેમ ચંદ્ર પડે વ્યોમથી ભોમ, રાહુ ગ્રહી લે તેવો,**

**તેમ મદનકુંવર મુર્છાગત કીધો, પિતા પ્રહારે તેવો.**

* *

**આકાશે અભ્ર અળગું થાયે,**
**ચંદ્રબિંબ દીસે જેવું.**

* *

**ગતે કરીને પવન સરિખો, ગંભીરતાયે સમુદ્ર,**
**દેહે જાણે અનલ સરિખો, શીતળતાએ ચન્દ્ર,**
**સંગ્રામે સુરપતિ સરિખો, ગણેશ સરિખો ગુણવાન,**
**મહિમાએ મહાદેવ સરિખો, તેજે કરીને ભાલ !**

* *

**સગા તે સોનાનું ઢીમ,**
**આંખ થાય છે ટાઢી હીમ.**

* *

**કો કુસુમનેણે, કો કંઠ ઝીણે,**
**ગુણવતી લાગી ગાવાજી.**

* *

**ખડુ ખાબડાં પર્વત ખોદ, ગૃફામાં બહુ ઘુઘવે ઘોહ,**
**ભુંડ ભૈરવ વંતર પર માંઝાર, દીસે વનમાં પશુ અપાર.**

અનંતરાય રાવળ નોંધે છે કે,
**''આપણી ભાષાના અર્થવાહકતા અને રસક્ષમતા જોવા આપણે પ્રેમાનંદનાં આખ્યાનો પાસે જવું જોઇએ.''**

**'સુદામાચરિત'**એ પ્રેમાનંદની કવિતા પ્રૌઢિનો અને રસનિષ્પત્તિની કળાનો પરિચય કરાવતું ચૌદ કડવાનું નાનું આખ્યાન છે. એમાં વધરાનાં વર્ણનો નથી. એમાં લાઘવનો ગુણ છે અને એમાં નખશિખ કવિતા છલકાતી જોવા મળે છે. આ રચનાને **'ભક્તિકાવ્ય'** અને **'મૈત્રીકાવ્ય'** પણ કહેવામાં આવી છે. ભાગવતના 'દશમસ્કંધ' માંથી આ આખ્યાનનું વસ્તુ લેવામાં આવ્યું છે. એના કેન્દ્રસ્થાને સુદામાનું પાત્ર છે. સુદામા પત્નીના આગ્રહને લીધે શ્રીકૃષ્ણ પાસે જાય છે. શ્રીકૃષ્ણ પોતાના બાળમિત્ર સુદામાનું સ્વાગત કરે છે. સુદામા મિત્ર માટે તાંદુલ લઈ લે છે અને ગરીબ સુદામા પર કૃપા કરે છે, સુદામાની ગરીબી દૂર થાય છે. આ પ્રકારના વસ્તુના નિરૂપણમાં પ્રેમાનંદે પોતાની પ્રતિભાને પ્રગટ કરી છે. એ જનસમાજનો બરોબર પારખું છે. પાત્રોમાં ગુજરાતીતા એણે આ આખ્યાનમાં પણ વ્યક્ત કરી છે. **આ આખ્યાનમાં જીવંત પાત્રનિરૂપણ અને** ઓછી પંક્તિઓમાં આબેહૂબ વર્ણનો મળે છે, જે પ્રેમાનંદની સિદ્ધિ છે :

**આ નીચાં ઘર ભીંતડીઓ પડી,**
**શ્વાન માંજર આવે છે ચડી.**

* *

**આ બાળક પરણાવવાં પડશે,**
**સતકુળની કન્યા ક્યાંથી જડશે ?**
*** ***
**એ જ્ઞાન મને નથી ગમતું ઋષિરાયજી રે,**
**રુએ બાળક, લાવો અન્ન, લાગું પાયજી રે.**
*** ***
**ત્રૂટી સરખી ઝૂંપડી, લૂંટી સરખી નાર,**
**સડ્યાં સરખાં છોકરાં, નવ મળ્યાં બીજી વાર.**
*** ***
**ભક્તિરસ ચાખું, જે ચાખ્યો શુકસ્વામીએ રે.**

**'ઓખાહરણ'**એ લગભગ ઈ.સ. 1667માં રચાયેલું પ્રેમાનંદનું આખ્યાનકાવ્ય છે. 29 કડવાંઓમાં આ આખ્યાન વિસ્તરેલું છે. **ઓખાહરણની જાણીતી કથાનું કવિએ અહીં નિરૂપણ કર્યું છે. મધ્યકાળના અન્ય કવિઓએ પણ ઓખાહરણ પ્રકારનાં આખ્યાન આપ્યાં છે, તેમાં પ્રેમાનંદની આ રચના નોંધપ્રદ બની છે. 'હરિવંશ' અને 'ભાગવત'ને આધારે કવિએ વસ્તુ લઈને આ રચના કરી છે. પ્રેમાનંદે મૂળ કથામાં જરૂરી ફેરફારો પણ કર્યા છે. બાણાસુરને શંકર ભગવાને હજાર હાથ આપ્યા હતા. કૃષ્ણ આ હજાર હાથ કાપે છે અને તે દ્વારા બાણાસુરના ઘમંડને હણે છે. આ પ્રકારના પ્રસંગોના નિરૂપણની સાથે–સાથે કવિએ ઓખા અને અનિરૂદ્ધના પ્રેમલંગ્નને વર્ણવ્યું છે.**

ઓખા આખ્યાનનું કેન્દ્રવર્તી પાત્ર છે અને તેને જીવંતરૂપે કવિએ નિરૂપ્યું છે. ઓખાની લગ્ન માટેની ઉત્સુકતા, અનિરૂદ્ધ માટે ઓખાનો પ્રબળ પ્રેમ અને પ્રેમની મસ્તીને કવિએ રસિકતાથી વર્ણવ્યાં છે.
**'ઓખાહરણ'માં પ્રેમાનંદની ભાષાશૈલી પણ ધ્યાનાર્હ છે.** રૂઢિપ્રયોગો, કહેવતો અને અલંકારોના ઉપયોગથી પ્રેમાનંદે પોતાની ભાષાસિદ્ધિને વ્યક્ત કરી છે. જેમકે,

**ઘોડે ચડે તે પડે પૃથ્વી.**
*** ***
**તારી નાસિકાનો મોર,**
**નહિં ભૂષણ, ચિત્તનો ચોર.**
*** ***
**મારા સ્વામી ચતુરસુજાણું, બાણદળ આવે રે જાદવજી,**
**દીસે સેન્યા ચારે પાસે, થાશે શું હાવે રે જાદવજી ?**
**એ બળિયા સાથે બાય, નાથ ! કેમ ભીડો રે ? જાદવજી.**
*** ***
**સહસ્ત્ર ભુજ પામ્યો, સરોવર ફાલ્યાં અમૃત સમાન,**
**જાણે જુગ્મ વડની ડાળ ફૂટી, હસ્ત એમ રાજા તણા.**

મધ્યકાળના આખ્યાનકારોમાં પોતાની પ્રતિભાને કારણે પ્રેમાનંદે શ્રેષ્ઠ બની રહે છે. મધ્યકાળનો તે સૌથી વધુ લોકપ્રિય આખ્યાનકવિ છે.

રમણલાલ વ. દેસાઈ કહે છે કે,

**''ઘેર ઘેર ગવાતું 'ઓખાહરણ' ચકલે ચકલે ગવાતું 'દશમસ્કંધ' પ્રભાતે પ્રભાતે ઉચ્ચારાતી 'હારમાળા' અને પ્રસંગે પ્રસંગે ઉકેલાતું 'મામેરું' પ્રેમાનંદની વ્યાપકતા સૂચવે છે. પ્રેમાનંદે સદીઓને પણ વટાવતો મહાકવિ છે. ગુજરાતને મહાકવિ મળ્યા હોય તો તે પ્રેમાનંદ. ત્રણસો વર્ષ સુધી રસદેહે જીવવું – એ મહત્તા વગર બની શકતું નથી.''**

## સંદર્ભ સાહિત્ય

૧.મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – ધીરુભાઈ ઠાકર